# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: http://deobhav.blogspot.com/


सत्यमेव जयते

150 YEARS OF CELEBRATING THE MAHATMA

ક્રમાંક: યોજના/પરચ/૫૦૧/૨૦૧૮ તા.૧૯/૦૭/૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી
સરકારી/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા તમામ
જિલ્લો- ભાવનગર

વિષય : "ટીમ ટીમ તારા" પ્રોજેક્ટ અમલીકરણ બાબત
સંદર્ભ : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનાં પત્રાંક
મઉમશબ/સંશોધન/૨૦૧૯/ ૨૦૧૯/૨૪૪૪-૭૯ તા.૧૮/૦૭/૨૦૧૯

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે "ટીમ ટીમ તારા" પ્રોજેક્ટ અપરાજિથા ફાઉન્ડેશનના સહયોગથી બાયસેગના માધ્યમથી 'વંદે ગુજરાત' ચેનલ પર પ્રસારણ કરવામાં આવનાર છે. આ કાર્યક્રમનું પ્રસારણ અઠવાડિયામાં એક વાર એક કલાક માટે કરવામાં આવશે. કાર્યક્રમની વિગતો અને અન્ય સૂચનાઓ માટે બિડાણમાં આપેલ પત્ર ધ્યાનપૂર્વક વાંચી તેમા જણાવ્યા પ્રમાણેની નિયમોનુસારની કામગીરી કરવાની રહેશે તથા આ કાર્યક્રમના અમલ અંગેનો અહેવાલ ફોટોગ્રાફ સહિત yojana.deobhav@gmail.com પર મોકલી, હાર્ડ કોપી નોડલ ઓફિસર શ્રી વી.પી.પરમારને મોકલવાની રહેશે.

બિડાણ: સંદર્ભદર્શિત પત્રની નકલ અને કાર્યક્રમનું સમયપત્રક

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

**<u>નકલ રવાના અમલવારી સારૂ:</u>**
શિ.ની.શ્રી- તમામ
મ.શિ.ની.શ્રી-તમામ

Scanned by CamScanner

અગત્યનું

ક્રમાંક:/મઉમશબ/સંશોધન/૨૦૧૯/૯૨૪૪-૭૯
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૮/૦૭/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- 'ટીમ ટીમ તારા' પ્રોજેક્ટના અમલીકરણ બાબત.

સંદર્ભ:- ગુ.મા.ઉ.મા.શિ.બોર્ડની તા.૦૧/૧૦/૨૦૧૮ની શૈક્ષણિક સમિતિની બેઠકનો ઠરાવ ક્રમાંક:૯૬(૩)/૨૦૧૮

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સંદર્ભ દર્શિત ઠરાવથી કરવામાં આવેલ નિર્ણય મુજબ ધોરણ-૯ થી ૧૨માં વિદ્યાર્થીઓ માટે ઉપયોગી થાય તેવો જીવન કૌશલ્યો અંગેનો 'ટીમ ટીમ તારા' પ્રોજેક્ટ અપરાજિથા ફાઉન્ડેશનના સહયોગથી ગત વર્ષે અમલમાં મૂકવામાં આવેલ હતો. જે બાબતથી આપ સુવિદિત છો. આ પ્રોજેક્ટ અંતર્ગત બાયસેગના માધ્યમથી 'વંદે ગુજરાત' ચેનલ નં.-૯ થી ૧૨ પરથી "જીવન કૌશલ્યો" અંગેના કાર્યક્રમોનું પ્રસારણ ચાલુ વર્ષે પણ કરવામાં આવનાર છે. આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓ સાચા જીવન કૌશલ્યોથી પરિચિત થાય અને તેઓના જીવનમાં તેનું અનુકરણ કરી તેઓ સાચી દિશામાં આગળ વધી શકે તે માટેનો છે.

આ કાર્યક્રમનું પ્રસારણ અઠવાડિયામાં એક વાર એક કલાક માટે કરવામાં આવશે. તેમજ તેનું પુનઃપ્રસારણ પણ કરવામાં આવશે. આ કાર્યક્રમ ધોરણ-૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ માટે ફરજિયાત અને ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે મરજિયાત રહેશે. ધોરણ-૯ અને ૧૦ માટે આ કાર્યક્રમનું પ્રસારણ દર બુધવારે સવારે ૧૦:૦૦ થી ૧૧:૦૦ કલાક દરમિયાન કરવામાં આવશે અને તેનું પુનઃપ્રસારણ સાંજે ૪:૦૦ થી ૫:૦૦ દરમિયાન કરવામાં આવશે. ધોરણ-૧૧ અને ૧૨ માટે આ કાર્યક્રમનું પ્રસારણ દર ગુરૂવારે સવારે ૧૦:૦૦ થી ૧૧:૦૦ કલાક દરમિયાન કરવામાં આવશે અને તેનું પુનઃપ્રસારણ સાંજે ૪:૦૦ થી ૫:૦૦ દરમિયાન કરવામાં આવશે. શાળાના વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમ નિહાળવાનો રહેશે તેમજ તેમાં આપવામાં આવેલ સૂચના અનુસાર પ્રવૃત્તિ કરવાની રહેશે. શાળાના શિક્ષકોએ આ માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાનું રહેશે.

આ કાર્યક્રમના અસરકારક અમલીકરણ માટે આપની કચેરીના એક શિક્ષણ નિરીક્ષક/મદદનીશ શિક્ષણ નિરીક્ષકને નોડલ ઓફિસર તરીકે નિમણૂક આપવાની રહેશે. શાળાના આચાર્યશ્રીએ તેઓની શાળામાં આ કાર્યક્રમના અમલ અંગેનો અહેવાલ ફોટોગ્રાફ સહીત નોડલ ઓફિસરને મોકલવાનો રહેશે. નોડલ ઓફિસર દ્વારા સમગ્ર જિલ્લાનો અહેવાલ બોર્ડને

E:\MK-\Tim Tim Tara\પરિપત્ર-અપરાજિતા - 19-20.docx

Scanned by CamScanner

મોકલવાનો રહેશે. આ કાર્યક્રમનું માર્ગદર્શન તેમજ દેખરેખ અપરાજિથા ફાઉન્ડેશનની ટીમ દ્વારા કરવામાં આંવશે. તેથી તેઓને આ કાર્યક્રમ અંગે સહકાર આપવા વિનંતી.

આ પ્રોજેક્ટ અંગે શાળાના આચાર્યશ્રીઓ અને શિક્ષકોને માર્ગદર્શન મળી રહે તે હેતુથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા 'ટીમ ટીમ તારા' પ્રોજેક્ટના કાર્યક્રમનું BISAGના માધ્યમથી કરવામાં આવનાર પ્રસારણનું સમય પત્રક તેમજ આ કાર્યક્રમના અમલીકરણ અંગેની શિક્ષક માર્ગદર્શિકા આ સાથે મોકલી આપવામાં આવે છે. અપરાજિથા સંસ્થા દ્વારા 'ટીમ ટીમ તારા' પ્રોજેક્ટની એપ્લિકેશન 'ttt aparajitha' તૈયાર કરવામાં આવેલ છે. જેમાં શાળાઓ દ્વારા આ કાર્યક્રમ અંગે રીવ્યુ આપી શકાશે.

ઉક્ત વિગતો આપના તાબાની તમામ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારું મોકલી આપવા વિનંતી.

(બી. એન. રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

બિડાણ:- ઉપર મુજબ

નકલ સવિનય રવાના:-

- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.

નકલ રવાના:-

- સિનિયર પ્રોજેક્ટ મેનેજરશ્રી, અપરાજિથા ફાઉન્ડેશન- અમદાવાદ.



Scanned by CamScanner


## -: ટિમ ટિમ તારા પ્રોગ્રામ-TTT :-


### <u>શિક્ષક માર્ગદર્શિકા</u>

હાલના આ આધુનિક યુગમાં શિક્ષણની સાથે સાથે વ્યક્તિના જીવન ઘડતરના કૌશલ્યોનું પણ સિંચન થાય તે ખુબજ જરૂરી બની ગયું છે. જેને ધ્યાનમાં રાખીને **"ટિમ-ટિમ તારા"** પ્રોગ્રામ દ્વારા યોગ્ય કૌશલ્ય શિક્ષણ પ્રદાન કરવાનો પ્રયાસ કર્યો છે.

**<u>હાલ આ કાર્યક્રમ ધોરણ-૯, ૧૦, ૧૧ અને ૧૨ માટે બાયસેગની 'વંદે ગુજરાત' ચેનલ પર પ્રસારિત થશે. જે કાર્યક્રમની યાદી આપ વંદે ગુજરાતની વેબસાઇટ પરથી જોઈ શકશો.</u>**

- સૌપ્રથમ ટિમ ટિમ તારાનું ચિહ્ન આવશે અને "<u>સાથે મળીને બનાવીએ દુનિયાનું</u>" ગીત આવશે.





- ત્યાર બાદ લેશનનું નામ સ્ક્રીન પર દેખાશે અને લેશન વિશે સમજૂતી શરૂ થશે.




Scanned by CamScanner




Scanned by CamScanner




- લેશન શરૂ થયા બાદ લેશનમાં સ્ક્રીન પર જ્યારે **<u>"વિરામ"</u>** દેખાય ત્યાર બાદ થોડીજ ક્ષણોમાં વિરામ સ્ક્રીન પર ટાઈમર આવી જશે. ત્યારે વિરામ પહેલા વક્તા દ્વારા સમજાવેલી પ્રવૃતિને આપેલ વિરામ


Scanned by CamScanner


દરમ્યાન વિદ્યાર્થીઓએ પ્રત્યક્ષ કરવાની રહેશે. વિદ્યાર્થીઓએ આ પ્રવૃતિ પોતાની સમજણ અનુસાર કરવાની રેહશે. સ્ક્રીન પરનો સમય પૂર્ણ થતા વિદ્યાર્થીઓએ પોતાની જગ્યા પર બેસી જવાનું રહેશે.


- દરેક વિરામ વાર્તા, અભિનયો, ડ્રામા જેવી પ્રવૃતિઓ પર આધારિત હશે.

- વિરામ સમય પૂર્ણ થયા બાદ લેશન આગળ ચાલશે.

- દરેક લેશનમાં ગીતોનો સમાવેશ કરેલ છે. જે લેશનના સારને વિદ્યાર્થીઓ સમજી સારી રીતે સમજી શકે તે માટે છે. ગીત ચાલુ થાય ત્યારે ગીતની દરેક લાઇન બે વાર દર્શાવવામાં આવશે. જેમાં બીજી વખતની લાઇન દરેક વિદ્યાર્થીઓએ ગાવાની રહેશે. શક્ય હોય તો જો શિક્ષક પણ સાથે ગીત ગાય તો વિદ્યાર્થીઓને લેશનમાં વધારે રુચિ આવશે.







- સાર:- દરેક લેશનના અંતે સાર રજૂ કરવામાં આવશે જેમાં લેશન દરમ્યાન શીખેલી દરેક બાબતો વિદ્યાર્થીઓ પાસેથી જાણવાની રહેશે. જેથી લેશન દરમ્યાન શીખેલી દરેક બાબત યાદ રહે.

- **ગૃહકાર્ય:-** લેશનમાં શીખેલી દરેક બાબતો સારી રીતે જીવનમાં ઉતરે તે માટે લેશનના અંત ભાગમાં ગૃહકાર્ય આપવામાં આવશે. જે પ્રશ્ન અને વૈકલ્પિક જવાબ આધારિત હશે. જે તમામ વિદ્યાર્થીઓને આપવાનું રહેશે.

- ઉપર જણાવેલ માર્ગદર્શન પ્રમાણે આગળના નવા લેશનની શરૂઆત કરવી.



Scanned by CamScanner

## ખાસ નોંધ:-

૧) દરેક લેશનમાં વિરામ સમયે જે પ્રવૃતિ કરવાની હોય તેમાં દરેક વિદ્યાર્થીઓ ભાગ લે તેનું ધ્યાન રાખવું, દરેક વિદ્યાર્થીઓ પ્રવૃતિઓમાં ભાગ લે તે માટે તેમને પ્રોત્સાહિત કરવા અને જો કોઈ વિદ્યાર્થી પ્રવૃતિમાં ભાગ લેવા ન માંગતુ હોય તો તેમની સાથે બળજબરી કરવી નહીં પરંતુ તે બીજી કોઈ પ્રવૃતિમાં ભાગ લે તે માટે પ્રયત્નો કરવા.

૨) જે વિદ્યાર્થીઓ વધારે પડતાં તોફાની હોય કે અભ્યાસમાં નબળા હોય તેઓ પ્રવૃતિઓમાં વધારે ભાગ લે તેનું ધ્યાન રાખવું.

૩) લેશન ચલાવ્યા બાદ વિદ્યાર્થીઓ તે લેશનનું અનુકરણ કરે તે માટે અઠવાડિયાના દિવસો દરમ્યાન તેઓનું ધ્યાન દોરતા રહેવું.

૪) ચલાવેલ દરેક લેશન વિદ્યાર્થીઓ તેમના માતા-પિતા, ભાઈ-બહેન તમામને તેની જાણ કરે તેવું કહેવું. જેથી કરીને તેમના વર્તનમાં જે પરિવર્તન આવે તેમની જાણ થાય.

૫) શાળાના વિદ્યાર્થીઓમાં થતાં પરિવર્તનો પર પણ ધ્યાન રાખવું, અને તેની નોંધ કરવી.

Scanned by CamScanner

## List of Lessons for Secondary and Higher Secondary Schools

Year 2019-20

Time સવારે ૧૦:૦૦ થી ૧૧:૦૦
બપોરે ૪:૦૦ થી ૫:૦૦

| ધોરણ-9 Date | ધોરણ-11 Date | art N | Name Of the lesson in English | Name of the Lesson in Gujarati |
|---|---|---|---|---|
| 24/07/2019 | 25/07/2019 | 1 | Transcending barriers 1 | જીતનો મત્ર અવરોધો પાર કરવા ભાગ-૧ |
| 31/07/2019 | 01/08/2019 | 2 | Transcending barriers 2 | જીતનો મત્ર અવરોધો પાર કરવા ભાગ-૨ |
| 07/08/2019 | 08/08/2019 | 3 | Transcending barriers 3 | જીતનો મત્ર અવરોધો પાર કરવા ભાગ-3 |
| 14/08/2019 | 15/08/2019 | 4 | Transcending barriers 4 | જીતનો મત્ર અવરોધો પાર કરવા ભાગ-૪ |
| 21/08/2019 | 22/08/2019 | 5 | Avoiding self-pity 1 | જીતનો મત્ર : આત્મદયાથી દુર રહેવુ ભાગ-૧ |
| 28/08/2019 | 29/08/2019 | 6 | Avoiding self-pity 2 | જીતનો મત્ર : આત્મદયાથી દુર રહેવુ ભાગ-૨ |
| 04/09/2019 | 05/09/2019 | 7 | Managing time 3 | જીતનો મત્ર : સમયનો સદુપયોગ ભાગ-3 |
| 09/09/2019 | 10/09/2019 | 8 | Managing time 4 | જીતનો મત્ર : સમયનો સદુપયોગ ભાગ-૪ |
| 25/09/2019 | 26/09/2019 | 9 | Managing time 5 | જીતનો મત્ર : સમયનો સદુપયોગ ભાગ-૫ |
| 09/10/2019 | 10/10/2019 | 10 | Managing time 6 | જીતનો મત્ર : સમયનો સદુપયોગ ભાગ-૬ |
| 20/11/2019 | 21/11/2019 | 20 | GOAL SETTING 01 | જીતનો મત્ર : પોતાના લક્ષ્ય બનાવવા ભાગ-૧ |
| 27/11/2019 | 28/11/2019 | 21 | GOAL SETTING 02 | જીતનો મત્ર : પોતાના લક્ષ્ય બનાવવા ભાગ-2 |
| 04/12/2019 | 05/12/2019 | 22 | GOAL SETTING 03 | જીતનો મત્ર : પોતાના લક્ષ્ય બનાવવા ભાગ-3 |
| 11/12/2019 | 12/12/2019 | 23 | GOAL SETTING 04 | જીતનો મત્ર : પોતાના લક્ષ્ય બનાવવા ભાગ-૪ |
| 18/12/2019 | 19/12/2019 | 24 | GOAL SETTING 05 | જીતનો મત્ર : લક્ષ્યો નક્કી કરીને જીતો ભાગ-૫ |
| 01/01/2020 | 02/01/2020 | 25 | GOAL SETTING 06 | જીતનો મત્ર : લક્ષ્ય બનાવવુ ભાગ-૬ |
| 08/01/2020 | 09/01/2020 | 26 | GOAL SETTING 07 | જીતનો મત્ર : લક્ષ્ય બનાવવુ ભાગ-૭ |
| 15/01/2020 | 16/01/2020 | 27 | MEMORY PART 01 | જીતનો મત્ર : સ્મરણ શકિત ભાગ-૧ |
| 22/01/2020 | 23/01/2020 | 28 | MEMORY PART 02 | જીતનો મત્ર : સ્મરણ શકિત ભાગ-૨ |
| 05/02/2020 | 06/02/2020 | 32 | HANDLING EXAMS PART 1 - GUJRATI | જીતનો મત્ર : પરીક્ષાનો બોજ દુર કરવો ભાગ-૧ |
| 12/02/2020 | 13/02/2020 | 33 | HANDLING EXAMS PART 2 - GUJRATI | જીતનો મત્ર : પરીક્ષાનો બોજ દુર કરવો ભાગ-૨ |
| 19/02/2020 | 20/02/2020 | 34 | HANDLING EXAMS PART 3 GUJARATI | જીતનો મત્ર : પરીક્ષાનો બોજ દુર કરવો ભાગ-3 |
| 26/02/2020 | 27/02/2020 | 35 | HANDLING EXAMS PART - 4 GUJRATI | જીતનો મત્ર : પરીક્ષાનો બોજ દુર કરવો ભાગ-૪ |
| 04/03/2019 | 05/03/2019 | 29 | HARD WORK PART 1 | જીતનો મત્ર : કઠોર પરિશ્રમ ભાગ-૧ |
| 11/03/2020 | 12/03/2020 | 30 | HARD WORK PART 2 | જીતનો મત્ર : કઠોર પરિશ્રમ ભાગ-૨ |
| 18/03/2020 | 19/03/2020 | 31 | HARD WORK PART 3 | જીતનો મત્ર : કઠોર પરિશ્રમ ભાગ-3 |
| 25/03/2020 | 26/03/2020 | 37 | PERSEVERANCE PART 1 | જીતનો મત્ર : દ્રઢતા ભાગ-૧ |
| 01/04/2020 | 02/04/2020 | 38 | PERSEVERANCE PART 2 | જીતનો મત્ર : દ્રઢતા ભાગ-૨ |

Scanned by CamScanner